# યુવક અને તારા.

## પ્રકરણ ૧ લું.

### મહા શિવરાત્રીનો પવિત્ર દિવસ, તથા યુવકનું પ્રદેશ જવું.



જગત શિરોમણિ રવીરાજ પૃથ્વીપરની દરેક વસ્તુઓની મુલાકાત લઇ, જનસમુહના મનને અપાર આનંદ પમાડનાર મેના-પોપટ-ભ્રમરાઓ વિગેરેના ઉલ્હાસને નષ્ટ કરી સુગંધી સર્વોતમ કમળ પુષ્પોના પ્રફુલ્લિતપણાનો વિનાશ કરી, અલ્પ તેજવાળા પશુપક્ષીઓને પ્રકાશમાં લાવી, માંસાહારી અને ઘુવડ વગેરે પ્રાણીઓને વિહાર માટે રજા આપી ક્યારનાએ દૃષ્ટિ મર્યાદાની પેલી પાર પોતાના મુકામપર પહોંચી ગયેલા જણાતા હતા.

મહાશિવરાત્રીનો અતિ પવિત્ર દિવસ હતો, સૃષ્ટિલિલા હંમેશ કરતાં આજે અદ્ભુત જણાતી હતી. શિવનોજ તહેવાર હોવાથી શહેરમાંના દરેક શિવાલયોને આજે આકર્ષિત બનાવી મુકવામાં આવ્યાં હતાં. જે આકર્ષણમાં શિવાલયોપરની નવી ધ્વજાઓ પ્રમુખપદ ધારણ કરતી હતી. દ્વારોમાં શુભ પ્રસંગ દર્શક આશોપાલવના તોરણો ગુંથીને બાંધી શોભામાં વધારો કરવામાં આવ્યો હતો. ચાકરને ખુશી કરી પતિને મળવાના ઇરાદાપુર્વક શિવના ગણ-ભૈરવ, ગણપતિ, મારૂતી વિગેરેને ખુશી કર્યા વિના શિવ ખુશી ન થાય, માટે તેઓને પણ યોગ્ય ભભકાથી સણગારવામાં આવ્યા હતા. રાત્રી સપાટાબંધ ચાલી જતી હતી અને પ્રભાત થવાની તૈયારી હતી, સૂર્ય નારાયણ સચેત થય-

આશરે ઘડિયાળમાં ૭ નો ટકોરો થયો હતો. આ પ્રસંગે એક તરુણ પુરૂષ પોતાના ઘરમાં કંઇ બહાર ગામ જવાની તયારી કરતો દેખાતો હતો.

તેણે પોતાના કપડાં વિગેરેનું પૅાકેટ લઇ અતિ ત્વરાથી ચાલવા માંડ્યું, અને માર્ગને જલદીથી કાપવા લાગ્યો. આશરે ચાર પાંચ કલાક ચાલ્યા કર્યું પછી પોતાને જ્યાં જવાનું હતું તે ઠેકાણે આવી પહોંચ્યો. વાચક ! આ મકાન તેના મિત્ર ચંદુલાલનું હતું, તે પોતાના મિત્રના ઘરમાં પેઠો. તે વખતે અગીયાર વાગ્યા હતા.

આ વખતે ચંદુલાલના ઘરમાં સર્વે માણસ ખાઇપીને બેઠાં હતાં. આ યુવકને ચંદુલાલનાં માબાપ ઓળખતાં હતાં, તેથી તેમણે કહ્યું, "આવો ભાઇ, કેમ છો ? ખુશી તો ખરા." તે સાંભળી યુવકે જવાબ આપ્યો, હા માજી, "સર્વે ખુશી છે."

યુવકને દુરથી ચાલી આવેલો જાણી ચંદુલાલની માતાએ તેને સારૂ ગરમ પાણી કર્યું; તેને ખુબ નવરાવીને તેનો થાક ઉતાર્યો, અને રસોઇ તૈયાર હતી તે જમી લીધું. ત્યાર પછી બન્ને મિત્રો ચંદુલાલના દીવાનખાનામાં જવા દાદરા ઉપર ચઢ્યા, બન્ને જણ દાદર ચઢી મેડે આવ્યા, તેટલામાં ચંદુલાલના બનેવીનો તાર આવવાની ખબર મળવાથી પોતાના મિત્રની રજા લઇ નીચે ગયો. તથા યુવક દીવાનખાનામાં-સુવાની ઓરડીમાં દાખલ થયો. ચંદુલાલના દિવાનખાનાની પછીતે એક બ્હારી હતી તે બ્હારીમાંથી એક સુંદર બાગ દેખાતો હતો, અને બાગની પેલી બાજુ સામંતશાહશેઠનો બંગલો હતો. સામંતશાહશે, ગામના આગેવાન, તથા શેઠ જાતમાં મ્હોટા હતા. તેમને ત્રણ પુત્રી તથા એક પુત્ર હતો. પુત્રીઓનાં નામ તારા, મણી, ગંગા હતું. અને પુત્રનું નામ સોમેશ્વર હતું. આ છોકરાંમાંથી તારા સૌથી મોટી, તથા આશરે ચૌદેક વર્ષની યુવાવસ્થાયે પહોંચેલી યુવાન બાળા

હતી. **તારા** પોતાના બાપને ત્યાં સુખેથી પોતાના દિવસ નિર્ગમન કરતી હતી. **તારાને ચંચળ** નામની એક તેનીજ ઉમ્મરની બ્હેનપણી હતી. **ચંચળ તારાને** ત્યાં અને **તારા ચંચળને** ત્યાં પરસ્પર આવતાં હતાં.

યુવક દિવાનખાનાની બ્હારી ઉઘાડી મૂકી થાકેલો તેથી દિવાનખાનામાં આરામચેર ઉપર સુતો હતો. એટલામાં તેને કાંઇ અવાજ સંભળાયો, તેથી તે દીવાનખાનામાંથી બ્હાર આવી આમતેમ જોવા લાગ્યો.

પ્રિય વાચક ! આ અવાજ શાનો હશે વારૂ ?

વાચક ! હું તો ધારૂંછું કે તે પોપટ અથવા બીજા પક્ષીનો હશે.

અરે ! નાના. સામેના બંગલામાં **તારા** પોતાના દિવાનખાનામાં લટકાવેલી સઘળી છબીઓ જોતી હતી, તેટલામાં તેની બ્હેનપણી–**ચંચળે** આવી નીચેથી બુમ પાડી, અને બારણું ઉઘાડવાને કહ્યું. **તારા** આ અવાજ સાંભળતાંજ એકદમ ઉઠી અને કહ્યું, " ઉભી રહે બ્હેન ઉઘાડું છું. " એમ કહી તે બારણું ઉઘાડવા નીચે આવી.

યુવકે આ અવાજ બંગલાની પાસે સાંભળ્યો, તેણે ધાર્યું કે કોઇ બોલતું હશે, તેથી તેણે તે બોલ તરફ બરોબર ધ્યાન આપ્યું નહિ. **તારા** તથા **ચંચળ** બન્ને પોતાના દિવાનખાનામાં આવ્યાં અને **તારાએ** કહ્યું, બેન ! આ કેવી સુંદર છબીઓ છે ? જો મ્હારા પીતાએ મને પણ પરણાવીને સુભાગણી કરી હોત તો હું પણ આ છબીમાં બેઠેલી એક પરણેલી યુવાન બાળા જેવી દેખાત. **ચંચળે** ઉત્તર આપ્યો, હું પણ તેજ વિચાર કરતી હતી.

**તારા**, અને **ચંચળ** બન્ને પરસ્પર વાતચીત કરતાં હતાં, તેટલામાં ઇશ્વરપ્રેરણાથી આપણા યુવકને ઉધરસ આવી; જેનો ખુંખારો **તારા** તથા **ચંચળના** સાંભળવામાં આવ્યો તેઓએ જાણ્યું કે આ અવાજ આપણા દિવાનખાનામાં ક્યાંથી ? કારણ કે આપણા

ગે. ચગર ઓરડીમાં તથા બંગલામાં પણ કોઇ નથી. તેથી તેઓ દિવાનખાનામાં તથા બાગમાં આમતેમ જોવા લાગ્યાં. તો બાગની સામી બાજુએ ચંદુલાલના દિવાનખાનામાં કોઇ તરૂણ પુરૂષ તેઓની નજરે પડ્યો. તારાનું ધ્યાન પોતાના દિવાનખાનામાં લટકાવેલી છબીઓ તરફ હતું, તેથી તેણે યુવક તરફ બરાબર ધ્યાન આપ્યું નહિ. અર્ધો, પોણો કલાક થયો એટલે તારાએ ચંચળને કહ્યું કે, બ્હેન હવે આપણે આ છબીઓ જોવાનું મુકી દઇ અર્ધો કલાક ઇશ્વરસ્તુતિ કરીએ; ચંચળે તારાની પેટીમાંથી એક ગરબાવળી કાઢી ઇશ્વર સ્તુતિ કરી.

પ્રિય વાચક ! હવે ચંદુલાલની બ્હેનના તાર વિષે વિચાર કરીએ.

ચંદુલાલ પોતાના બનેવીનો તાર વાંચી તેનો જવાબ આપવા જોઇતા રૂપીયા લઇ તાર ઑફીસમાં ગયો. ચંદુલાલના બનેવીના તારમાં નિચે મુજબ હકીકત હતી કેઃ—

“ Come soon, your sister is hopeless. ”

તમારી બ્હેનને મંદવાડ ઘણો હોવાથીને બચવાની આશા નથી: એકદમ આવો

આ તાર વાંચી તેણે નીચે મુજબ જવાબ આપ્યો કેઃ—

“ Wire received, I shall start to-morrow
with my mother. ”

“ તમારો તાર મળ્યો છે, ને હું કાલે મારી માતુશ્રી સાથે તે તરફ આવીશ. ”

જવાબ આપી ચંદુલાલ કેટલાક રૂપિયા લઇ પોતાની બેનના મંદવાડને નાબુદ કરવા બજારમાં દવા ખરીદવા ગયો, તેણે કેટલીક દવા ખરીદી, તેથી પોતાની બ્હેનને મંદવાડમાં કાંઇ ભાવે નહિ તેથી તેણે કેટલોક મેવો ખરીદ્યો. તે લઇ ઘેર આવી પોતાના બનેવીના

તારની બીના પોતાની માતુશ્રીને કહી કે, "બ્હેનને ઘણો મંદવાડ છે માટે એકદમ જલદીથી આવો."

ચંદુલાલના આ શબ્દ સાંભળતાંજ માતુશ્રી ઘણાં દિલગીર થયાં, અને તે બોલ્યાં, ભાઇ ! ચાલો અત્યારે જઇશું. ત્યારે ચંદુલાલે જવાબ આપ્યો કે, મ્હેં અહીંથી તાર કરી જણાવ્યું છે કે, "તમારો તાર મળ્યો છે, તથા હું મારી માતુશ્રી સાથે કાલે આવીશ." એમ જવાબ આપી હું તેના મંડવાડને નાબુદ કરવા કેટલીક દવા બજારમાંથી ખરીદી લાવ્યો છું. તથા તેને મંદવાડમાં ખાવું ભાવે નહિ તેથી કેટલોક મેવો પણ લાવ્યો છું. ત્યારે માતુશ્રીએ કહ્યું કે, ઠીક ભાઇ ! એમ કહી તેણે કહ્યું કે ચંદુલાલ ! ત્હારે કાંઇ બ્હાર જવું હોય તો જઇ આવ. નહિ તો ચાલ ! ખાઇ લે.

## પ્રકરણ ૨ જું.

### ચંદુલાલની બ્હેનના મંદવાડની યુવકને ખબર, તથા ચંદુલાલનું દિવાનખાનું.

તારા તથા ચંચળ બન્ને ઇશ્વર સ્તુતિ કરતાં હતાં, તથા તે વિષે ભજન ગાતાં હતાં. જુવાન માણસ તથા સ્ત્રીનો યુવાવસ્થાનો અવાજ ઘણો સુંદર નિકળે, તે પ્રમાણે તારા તથા ચંચળનો અવાજ પણ નીકળતો હતો. આ અવાજ યુવકના સાંભળવામાં આવ્યો. ગમે તેટલું થાકેલું માણસ હોય, તોપણ ગાનતાન આગળ તેનો થાક જણાતો નથી. તે પ્રમાણે આપણો યુવક ખુરશીપર સુતેલો પણ પેલા મધુર ગાયનથી તેને ઉંઘ આવી નહિ. અર્ધો કલાક પુરો થયો, અને તે બન્નેએ ગાયન ગાવું બંધ કર્યું. તે દરમ્યાનમાં પોતાના મિત્ર

ચંદુલાલે દિવાનખાનામાં આવી કહ્યું, ચાલો ભાઇ ! રસોઇ તૈયાર થઇ છે માટે પધારશો ? યુવક આ સાંભળતાંજ તરત ઉઠયો. અને ચંદુલાલની જોડે જમવા બેઠો. જમતાં જમતાં ચંદુલાલની માતુશ્રીએ આપણા યુવકને કહ્યું કે, ભાઇ ! આપણી લક્ષ્મી બ્હેન જે સુરત પરણાવેલાં છે તે વધારે માંદાં છે, અને તેમનો આજ બપોરે તાર આવ્યો છે. માટે અમે સવારમાં જઇશું. આ સાંભળી યુવક બોલ્યો કે, માજી ! હું પણ આપની સાથે લક્ષ્મી બ્હેનને જોવા આવીશ. ત્યારે માતુશ્રીએ કહ્યું કે ના ભાઇ, હું તથા ચંદુલાલ બન્ને જઇશું, અને ત્યાં ગયા કેડે તમારો ખપ પડશે તો તેડાવીશું.

સહવાર થઇને ચંદુલાલની માતાએ જવાની ઉતાવળથી રસોઇ તૈયાર કરીને ચંદુલાલને કહ્યું, ભાઇ ! ન્હાશો કે ? ચંદુલાલે કહ્યું, માતુશ્રી જેવી આપની આજ્ઞા. આમ કહી યુવક તથા ચંદુલાલ બન્ને એક પછી એક તે ન્હાવા બેઠા. ન્હાઇને પોતે પોતાનાં નિત્ય નિયમમાં રોકાયા. ચંદુલાલે દેવ સેવા, તથા યુવકે ઇશ્વર સ્તુતિનો પાઠ કર્યો. બન્ને જણ ઇશ્વર ધ્યાનમાંથી મુકત થયા એટલામાં ચંદુલાલની માતુશ્રીએ કહ્યું ભાઇ! રસોઇ તૈયાર છે આ સાંભળતાં બન્ને જમવા ગયાં. બન્ને જણ જમી ઉઠયા પછી માતુશ્રી જમ્યાં, તથા એંઠવાડ કાઢી પરવારી ગાંસડી પોટલાં બાંધી ચંદુલાલ તથા માતુશ્રી બન્ને સ્ટેશન ઉપર ગયાં. ચંદુલાલ ટીકીટ કરાવી લાવ્યો ને તેઓ ટ્રેનમાં દાખલ થયાં. અને રેલ્વેએ ચાલવા માંડયું. સુરત પ્હોંચ્યા પછી દૈવયોગે લક્ષ્મી બ્હેનને તે દિવસે મંદવાડ ઓછો હતો, તે જોઇ સર્વે ખુશી થયાં. અને ચંદુલાલે પોતાના મિત્ર ઉપર કાગળ લખ્યો, કે મ્હારી બ્હેનને દૈવયોગે આરામ થયો છે માટે ફીકર કરશો નહિ. હું અઠવાડીયા પછી આવીશ, માટે ઘર સાવચેતીથી સંભાળજો.

# પ્રકરણ ૩ જું

## તારાનો બાગ તથા ચંદુલાલનું દિવાનખાનું.

બીજે દિવસે તારા તથા ચંચળ હંમેશ પ્રમાણે પોતાની બ્હારીએ બેઠાં બેઠાં છબીઓ જોતાં હતાં, તથા ગંજીફો ખેલતાં હતાં. યુવક પણ તે બપોરે ચંદુલાલના દિવાનખાનામાં ખુરશીપર બેઠો હતો, તેટલામાં તારા તથા ચંચળ રમતાં હતાં તેમનો અવાજ યુવકને કાને સંભળાયો, તેથી તેણે પોતાની નજર તારાની બ્હારી તરફ કરી. તે તારા તથા ચંચળને રમતમાં ગુંથાએલાં જોઇ ખુશી થયો. પોતે તે ગામનો અજાણ્યો હોવાથી કોઇને ઘેર જતો નહિ, પણ તે ગામના રસ્તા જોયેલા તેથી હવા ખાવા માટે જતો.

આ વખતે આશરે પાંચ વાગવાનો સમય થયો હતો, અને સર્વે આનંદી પુરૂષો બહાર નીસરી પડયા હતા; આ વખતે આપણો યુવક બ્હાર જવાની તૈયારીમાં હતો. તે ઉઠયો, અને સાંજ પડી જવાના ડરથી તે એકદમ હવા ખાવા પોતાના દિવાનખાનાની બ્હારી બંધ કર્યા સિવાય ચાલતો થયો.

યુવકે પોતાનો ફોટોગ્રાફ (છબી) ઉઘાડી મુકેલી બ્હારીએ લટકાવ્યો હતો, યુવક બજાર તરફ હવા ખાવા નીકળ્યો, અને અકસ્માત ત્યાં વંટોળીયો થયો. તેથી યુવકે ઉઘાડી મુકેલી બ્હારીના કમાડ એક બીજા સાથે અથડાવાથી લટકાવેલી છબીની દોરી તુટી જવાથી એકદમ તે બાગમાં પડી. વંટોળીઓ થયેલો તેથી તારા તથા ચંચળે પોતાની રમત બંધ કરીને પોતે બ્હારીએ બેઠાં હતાં. યુવકની ટંગાવેલી છબીને બાગમાં પડેલી તારા તથા ચંચળે જોઇ. જેથી તેઓએ પરસ્પર કહ્યું કે. ચાલ બેન પેલું શું પડયું? તે આપણે લઇ આવીએ. આ પ્રમાણે વાતચીત કરતાં બન્ને જણ બાગમાં

આવ્યાં. બાગની સઘળી બાજુ તેઓએ નિહાળીને જોઇ અને ચંદુ-લાલની બ્હારી તરફ આવ્યાં. જે ઠેકાણે યુવકની છબી પડેલી હતી તેજ ઠેકાણેથી બે ચાર વેંતને છેટે એક સર્પનું દર હતું. સર્પ પોતાના દરમાં સુખેથી બેઠો હતો, એટલામાં તે બન્ને જણનો ખડખડાટ થવાથી તે એકદમ ઉપર આવ્યો. તારા તથા ચંચળ બન્ને હોંશથી તે છબી લેવા આવેલાં, પણ સર્પને તેની નજદીક જોવાથી તે એકદમ ચમક્યાં; તેઓ નિરાશ થયાં. અને થોડીવાર ત્યાં ઉભાં રહ્યાં. તારા તથા ચંચળને દેખી તે સર્પ ત્યાંથી પોતાના દરમાં સંતાઇ ગયો. તેના ગયા પછી તારા તે છબી આગળ ગઇ, અને ઉપાડીને તરતજ પલાયન થઇ ગઇ. તારા તે છબી પોતાને બંગલે લઇ ગઇ ને પોતાના દિવાનખાનાની બ્હારીએ જોવા બેઠી. ને તેણે ચંચળને કહ્યું, કે બ્હેન ! આ છબી કેવી સુંદર છે ? જે દેખીને મ્હારૂં મન લોભાય છે. અને હું ધારૂં છું કે આ ચિત્રમાં તેજ બેઠેલો યુવાન પોતે ચંદુલાલને ત્યાં પરોણા તરીકે આવ્યો છે. હાય ! ઇશ્વરની મરજી ! માણસનું ધાર્યું કાંઇ થતું નથી.

યુવક રાત્રે સાત વાગ્યાને સુમારે બ્હારથી આવ્યો ખાઇપી, પોતે દિવાનખાનામાં જુવે છે. તો વંટોળીઓ થયેલો તેથી તેની ધુળ આખા દિવાનખાનામાં હતી. આ જોઇ યુવકે ધાર્યું કે ધુળમાં સુવું તે કરતાં સાફ કરીને સુઇ રહું તો વધારે સારૂં. તેથી તેણે તેમ કર્યું, ને તરત ઉંઘ આવી.

સહવારમાં યુવક દાતણ પાણી કરી ચ્હા પીને પોતે ન્હાવા ગયો. ન્હાઇને ભોજન કરી દિવાનખાનામાં દાખલ થયો ને ગઇ કાલે બજારમાંથી એક નૉવેલ ખરીદી લાવ્યો હતો, તે તેણે વાંચવા માંડ્યું. નૉવેલ વાંચી રહ્યા પછી તેની નજર બ્હારી તરફ ગઇ, ત્યારે તેણે પોતાની છબી દીઠી નહિ; તેથી તે પોતાની પેટીમાં જોવા

લાગ્યો. પણ નિરાશ થયો, નિરાશપણે તે ખુરશીમાં બેઠો. અને વિચાર કરવા લાગ્યો એટલામાં તેહની નજર મ્હારીમાં બેઠેલી **તારા** તરફ ગઇ. **તારા** પોતાના હાથમાં છબી સહીત બેઠી હતી; યુવકની નજર **તારા** તરફ ગઇ, એટલામાં તેણે પોતાની છબીના જેવું તેના હાથમાં જોયું. જેથી તેણે નિશ્ચય કર્યો કે ખરેખર એ મ્હારી પોતાનીજ છબી છે એમ લાગે છે એમાં સંશય નથી. આવી રીતે યુવક વિચારમાંજ લીન થઇ ગયો તેના મનમાં તરંગો આવવા લાગ્યા. તેણે વિચાર્યું કે મારી છબી તેની પાસે ક્યાંથી હોય ! આમ વિચારી તેનું મસ્તિક ભમાવી નાંખ્યું, આમ કરતાં બે ત્રણ કલાક વિતી ગયા આશરે ચાર સાડાચારનો સુમાર થયો, નગરવાસીઓમાંના કેટલાક જે નિત્યનિયમી હતા, તે દર્શન કરવા જવા લાગ્યા.

આ વખતે **તારા**નાં સર્વે સગાં તથા **ચંચળ** હમ્મેશના નિયમ પ્રમાણે દેવદર્શન કરવા જતાં હતાં, તેઓએ **તારા**ને કહ્યું બ્હેન ચાલ ! દર્શન કરવા આવે છે ? તેણે જવાબ આપ્યો કે ના, કારણ કે મ્હારા જીવને અત્યારે બેચેની છે, માટે મારાથી આવી શકાય તેમ નથી. **તારા**ના આ શબ્દ સાંભળતાં **ચંચળે** તથા સર્વે સગાંએ કહ્યું ઠીક, તેના જીવને સુખ ન હોય તો તેની મરજી. એમ કહી દર્શન કરવા ગયા. પછી **ચંચળ** પોતાના મનમાં રમી રહેલી છબી લઇ જોવા બેઠી. જેવી તે છબી લઇને બેસતી હતી, તેવીજ યુવકની નજર તે તરફ ગઇ. તે જોઇ યુવકે પોતાના મનમાં ધાર્યું કે એ મારી પોતાનીજ છે. પણ શું કરે ? પોતાની ચીજ ઇશ્વર કૃપાએ બીજા પાસે જવાથી તે બાબત યત્ન થઇ શકતો નથી. આ પ્રમાણે યુવક પોતાની છબીના વિચારમાં ને વિચારમાં લીન થઇ ગયો. અને રાત્રી પડી તે દરમિઆનમાં દૈવયોગે **સાગ**ળશાહશેઠના ઘરમાં પાંચ હજારની ચોરી થઇ. આ ચોરીમાં અર્ધું **તારા**નું ઘરેણું તથા બીજા રૂપીયા ગયા હતા. આજે આપણા યુવકને શરીરે ઠીક

ન્હોતું તેને અડો થયો હતો, રાત્રી પડી હતી, પોતાના મિત્રના ઘરમાં જાજરૂ હતો નહીં. તેથી તેને પોળ બહાર આવી અંધારી રાત્રીએ ના છુટકે જવું પડતું હતું. આ રીતે બે ચાર વખત ગયા પછી પોતે જરા સુખચેનથી બેઠો છે તેવામાં ઓચિંતી તેના પેટમાં આંકડી આવવાથી દુઃખ થવા લાગ્યું, ને ઝાડે ફરવા જવાની મરજી થઇ. તે જાજરૂ જવા માટે પોળ બહાર ગયો. યુવક પોતે જાજરૂ જઇને પાછો આવતો હતો તેવામાં તેને પોળમાંથી નીકળતા ચાર ચોર મળ્યા. ચોરોને પોતાના સન્મુખ આવતા જોઇ યુવક ગભરાયો, પોતાના મનમાં ધ્રુજવા લાગ્યો પણ હિમ્મત ધરીને જરા આગળ વધ્યો. ચોરો પોતે કરેલી ચોરી વિષે ધીમેથી વાતો કરતા ચાલ્યા જતા હતા, તે ચોરોમાંના એકે કહ્યું કે આ ચોરી કરતાં મને બહુ મુશ્કેલી પડેલી છે માટે તમારામાંના સર્વ કરતાં મને વધારે ભાગ આપવો પડશે. તે ચોરનું આવું બોલવું સાંભળી બીજાઓએ કહ્યું અમે તને વધારે શાથી આપીએ. તું ચોરી કરવા પેઠો તેમાં શું થયું. જો અમે ન હોત તો તું એકલો ચોરી કરવા શી રીતે આવી શકત ? માટે આપણા ચારેનો સરખો ભાગ. આવું બોલતાં પેલા ચોરે તેઓને તેટલામાં ગાળ દીધી તે જોઇ બીજાએ તેને એક ન્હાનો પથ્થર માર્યો. આમ પરસ્પર ચારે ચોર કજીઓ કરતા હતા, તેટલામાં આપણા યુવકે પોળમાં પેસીને બુમ પાડી, કે જે સાંભળીને ઘણા લોક જાગી ઉઠ્યા, ને તુરતજ બ્હાર આવ્યા. ને ચોરો પણ તેના અવાજથી ચોરેલો માલ પોળ આગળ મુકી પલાયન થઇ ગયા. ચોરોના પલાયન થવાથી યુવક તે ચોરેલા દાગીના આગળ આવ્યો. અને આ વેળાએ આખું ગામ પોતાના પટારા ( સંચકપેટી ) સંભાળવા મંડયા. સર્વે સંભાળીને વિચાર કરતાં હતાં એટલામાં સામંતશાહશેઠને ત્યાંથી બુમ પડી કે ત્હેમનું ઘરાણું તથા કેટલાક રૂપીયા ચોરાયલા છે.

યુવક જે પોળે ઉભો હતો, તે પોળેથી ચોરો જતા રહ્યા. તેઓને જતાં જતાં રસ્તામાં ચોકીઆત મળ્યો. ચાર ચોરને જોઇ ચોકીઆતે કહ્યું, "કોણ?" આ અવાજ સાંભળતાં ચોરો તેજ જગા ઉપર રહ્યા. તેઓને ઉભેલા જોઇ ચોકીઆટ તેઓની નજર આગળ આવ્યો. તેને આવેલો જોઇ ચારમાંના એક જણે હેની સાથે વાત કરી, બીજાએ હેની સાથે બાથ બીડી, અને વાત કરતાં તેમાંના એકે ચોકીઆટના હાથમાંથી ભાલો ખુંચાવી લઇ તે ચોકીઆટનીજ છાતીમાં માર્યો, આ વાગવાથી ચોકીઆટ એકદમ મરણને શરણ થઇ ગયો. ચોકીઆટને મર્ણ પામેલો જોઇ તેઓ તે જગાએથી પસાર થયા અને પોતપોતાને ઠેકાણે ગયા.

યુવક ચોરાયલા દાગીના તથા રૂપિયા લઇ ગેટ ઉપર ગયો. ચોકીઆતનો ચોકીનો વખત પુરો થયો પણ હજુ સુધી તેને નહિં આવેલો જાણી એક સીપાઇ તેની તપાસ માટે ગયો, તો જે જગાએ ચોરી થયેલી તેની બીજી પાળે ચોકીઆતને કોઇએ ભાલાથી મારી નાંખેલો તેણે જોયો. આ જોઈ સીપાઇએ ગેટપર જઇ પોતાના ઉપરીને આ સમાચાર કહ્યા, કે જે સાંભળીને ઉપરીએ તે ચોકીઆતના સગાંવહાલાંને ખબર આપી. ને નિયમ પ્રમાણે તેઓએ તેને અગ્નિદાહ કર્યો.

સામંતશાહશેઠ પોતાને ઘેર ચોરી થયેલી હતી તેથી ગેટ ઉપર ગયો, ગેટ ઉપર જઇ પોતાને ઘેર ચોરી થયાનું સંભળાવ્યું અને પોતાના ચોરાયેલા દાગીના નોંધાવ્યા. અને ત્યાં તેને પોતાનું ઘરેણું જડયું. આ ઘરેણાં વિષે યુવકને બહાદુરીનું ઇનામ મળ્યું. ને તેને માટે તેને ૨૦૦ રૂપિયા આપ્યા, રૂપિયા આપી યુવકની નાત, જાત, તથા ઠામ, ઠેકાણું પુછ્યું, તેથી તેનું નામ, ઠામ, તથા જાત સામંતશાહશેઠના જાણવામાં આવી.

ઇનામ લઇ યુવક ચંદુલાલના ઘર તરફ આવ્યો. અને પોતાના

કામે રોકાયો. આ સમાચારને બે-ચાર દિવસ થયાને ચંદુલાલ તથા તેની માતુશ્રી ઘેર આવ્યાં, અને યુવકને લક્ષ્મી બ્હેનના સમાચાર કહ્યા. યુવકની બહાદુરી જોઇ ગામના લોકો તેનાં વખાણ કરવા લાગ્યાં, જેથી તે વાત યુવકના મિત્ર ચંદુલાલ તથા તેમના માતુશ્રીના જાણવામાં આવ્યા. આ સાંભળી ચંદુલાલે યુવકને પુછ્યું તેથી તે વિગતી અથિ તે ઇતિ સુધીની બધી ખબર મળી. યુવકે ઇંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો હતો; અને આવતા વર્ષે તેને મેટ્રીકની પરીક્ષામાં બેસવાનું હતું. ચંદુલાલ પણ યુવકની બરોબરજ ભણેલો હતો. ચંદુલાલ તથા યુવક માતુશ્રીને કહી પોતે મુંબાઇ પરીક્ષા આપવા પંદર દીવસની રજા લઇને ગયા. તે બન્ને જણ મુંબાઇના અજાણ્યા તેથી તેઓ રેલ્વેમાંથી ઉતરી તરતજ ટ્રામવેમાં બેસી હીંદુ હોટલમાં ગયા, ને ત્યાં જઇ તેના માલીકને પુછ્યું, ભાઇ? અમારે બન્નેને પંદર દીવસ સુધી તમારી હોટલમાં રહેવું છે, તથા અહીંજ જમવાનું છે; કારણ કે અમારૂં અહીં કોઇ ઓળખીતું નથી, ને અમે પરગામથી પરીક્ષા આપવા માટે આવ્યા છીએ. તેઓને પરદેશી ધારી હૉટલવાળાએ વિચાર્યું કે ઠીક ભાઇ! પણ બન્ને જણને પંદર દીવસના ૧૦ રૂપિયા પડશે. તે સાંભળી બન્ને જણે હા કહ્યું ને તેઓ ત્યાં રહ્યા. બીજે દીવસે તેઓ નિશાળમાં ગયા અને પરીક્ષાનો આરંભ થયો. એક અઠવાડીયા પછી પરીક્ષા પુરી થઇ. એક દીવસ તેઓએ હોટલવાળાને કહ્યું કે ભાઇ! અમે આ શહેરના અજાણ્યા છીએ માટે તમે અમારી સાથે ફરવા આવશો?

હોટલવાળાએ જવાબ આપ્યો ભાઇ! હું આવું તો ખરો, પણ સાંજરે ભોજન જોઇએ તે કોણ બનાવે? પણ હું તમારી સાથે મ્હારા એક ચાકરને મોકલું તે તમને તેડી જશે. ચાકરને લેઇ યુવક તથા ચંદુલાલ કાલબાદેવીરોડ ઉપર આવ્યા. ત્યાંથી તેઓએ

પુછ્યું કે ભાઇ ! ખાસબજારનો રસ્તો ક્યાં છે. તે સાંભળી ચાકર તેમને તે રસ્તે તેડી ગયો. બે દીવસ પછી જ્યારે પરીક્ષાનું પરિણામ જણાયું ત્યારેજ બન્નેના મનને શાન્તિ વળી. તેઓ પાસ થયા ને ખુશીથી પોતાને ઘેર જવાનો વિચાર કર્યો. બીજે દીવસે જતી વખતે તેઓએ હોટલવાળાને ૧૦ રૂપિયા તેની કબુલાતના તથા ૧ રૂપિયો ઇનામનો-ખુશાલીનો આપ્યો.

યુવકે પોતાના પાસ થયાના સમાચાર પોતાના પિતાને લખી જણાવ્યા તથા તેમાં લખ્યું કે હું મ્હારા મિત્ર ચંદુલાલને ઘેર છું. અને મ્હારો વિચાર અહીં ઘર રાખી રહેવાનો થાય છે. કારણ કે હું તથા મ્હારો મીત્ર બન્ને જોડે ભણનાર છીએ તેથી અભ્યાસને માટે ઠીક પડે. આથી યુવકના બાપે જણાવ્યું, કે જેવી તારી મરજી. અને તારા પાસ થયાના સમાચાર સાંભળી અમે સર્વે ખુશી છીએ.

યુવક ચંદુલાલને ઘેર આવ્યો, અને માતુશ્રીએ પુછ્યું, કેમ ભાઇ ચંદુલાલ ? ત્હારી તથા યુવકની પરિક્ષાનું કેમ થયું ? ચંદુલાલે ઉત્તર આપ્યો કે, માતાજી ? ઇશ્વર કૃપાથી અમે પાસ થયા છીએ. આ સાંભળી માતા ઘણી ખુશી થઇ, ને યુવકની હુંશીઆરી તથા બન્ને જણના પાસ થયાના સમાચાર આખી પોળમાં ફેલાઇ ગયા, જે સાભળી સર્વે ઘણાજ ખુશી થયા. એક વખત સામંતશાહ શેઠને ત્યાં જમણ હતું, ત્યાં ચંદુલાલ, યુવક તથા માતુશ્રી એ સર્વેને નોતર્યાં હતાં. યુવકની બહાદુરી માટે તેને તથા ચંદુલાલને તેઓએ ઘણું માન આપ્યું. તે જોઇ યુવક ઘણો ખુશી થયો. સામતશાહ શેઠે કહ્યું "ભાઇ ? આજે ઘેર જશો નહિ, કારણ કે અહીં કેટલુંક કામ છે માટે મહેરબાની કરી સુખેથી અહીં રહો," તે સાંભળી યુવક તથા ચંદુલાલ તેમની મદદ માટે ત્યાં રહ્યા.

... સમય વખતે નાતના સર્વે લોક જમવા આવ્યા અને ...ને ઘેર ગયા, ને ચંદુ... યુવક ...

જમીને સામંતશાહશેઠની રજા લઇ પોતાને ઘેર જવા રજા માગી શેઠે તેઓને રજા આપી અને તેઓ પોતાને ઠેકાણે ગયા. જમણને બીજે દિવસે સહવારમાં સામંતશાહશેઠે ચંદુલાલ તથા યુવકને ચહા પીવાનું આમંત્રણ કર્યું. તેથી તેઓ ત્યાં આવ્યા, ને ચહા પીધા પછી સામંતશાહશેઠની આજ્ઞા પ્રમાણે ઘેર ગયા.

યુવકે કરેલાં પરાક્રમ વિષેની વાત તારાને કાને પડી, તે મનમાં ઇશ્વર પ્રાર્થના કરવા લાગી કે હે જગતપિતા ! હે અનાથના નાથ ! હે દયાસિંધુ પરમેશ્વર ત્હારી કૃપાનો પાર કોઇ પામ્યો નથી તેમ પામવાનો પણ નથી. હે પરમેશ્વર!!! મુજ રંક અબળાપર મહેર કરી પતિ મેળવે તો યુવક જેવોજ મેળવજે એટલીજ હું ત્હારી પાસે બક્ષીસ માગુછું. આવા વિચારની માળા ફેરવે છે, પણ વળી મનમાં એવો વિચાર આવી જાય છે કે હું અભાગણીના હાથમાં યુવક જેવું રત્ન ક્યાંથી આવે. હે પ્રભુ ! તું સહાય થા ! મ્હારી નિર્દોષ બાળાની અરજ મનમાં લાવ, અને મ્હને તેવો પતિ મેળવ. આમ વિચાર કરતાં કરતાં તારાની આંખમાંથી આંસુ ટપક ટપક ગરવા લાગ્યાં અશ્રુ બિંદુઓએ ગાલ ઉપર થઇ ચાલવા માંડયું. આંખો રાતી થઇ ગઇ અને જાણે એક મોટા શોકસાગરમાં લિન થયેલી નજરે પડી.

વાચકો! હવે આપણી વાર્તામાં તારા રોતી કકળતી જે યુવકને માટે વિચાર કરે છે તેને વિચાર કરવા દો, અને આપણે આપણી વાર્તાનો પ્રથમ ભાગ સંપૂર્ણ કરીએ.

**પ્રથમ ભાગ સમાપ્ત.**